# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

---

રેફ નં. તાઃ ૨૨/૦૩/૨૦૨૨

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# નાના રોકાણકારોએ ઇક્વીટી માર્કેટમાં ઓછામાં ઓછા પાંચથી દસ વર્ષ માટે રોકાણ કરવું જોઇએ તથા એસેટ એલોકેશન કરતી વખતે રોકાણકારોએ ગોલ્ડમાં રોકાણ કરવું જોઇએ : નિષ્ણાત

## ચેમ્બર દ્વારા 'ઇક્વીટી માર્કેટ, વોર એન્ડ બિયોન્ડ' વિષય ઉપર વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૨૧ માર્ચ ૨૦૨૨ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે ઝુમના માધ્યમથી 'ઇક્વીટી માર્કેટ, વોર એન્ડ બિયોન્ડ' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે ઇન્વેસ્કો એસેટ મેનેજમેન્ટના સીઆઇઓ તાહેર બાદશાહ દ્વારા રોકાણકારોને મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તાહેર બાદશાહે જણાવ્યું હતું કે, સામાન્યપણે ઇક્વીટી માર્કેટમાં હમેશા લાંબા ગાળાનું રોકાણ લાભદાયક હોય છે. તેમ છતાં નાના રોકાણકારોએ ઇક્વીટી માર્કેટમાં ઓછામાં ઓછા પાંચથી દસ વર્ષ માટે રોકાણ કરવું જોઇએ. રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની સ્થિતિને કારણે ગ્લોબલ માર્કેટમાં એની અસર જોવા મળી હતી. ત્યારબાદ ઇક્વીટી માર્કેટમાં જે કરેકશન આવવાનું હતુ તે આવી ગયું છે. હવે માર્કેટમાં કોઇ અસ્થિરતા જોવા મળશે નહીં. એમ કહી શકાય કે એકંદરે માર્કેટ સારું છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ક્રુડ ઓઇલનો ભાવ ઉપર જઇ રહયો છે પણ ભારત સરકાર પેટ્રોલ અને ડિઝલના ભાવ વધારવા માગતી નથી. કદાચ રશિયાથી ક્રુડ ઓઇલ આયાત કરવામાં આવી રહયું હોવાનું એક કારણ એ હોઇ શકે છે, પરંતુ પેટ્રોલ – ડિઝલના ભાવ વધે નહીં તે માટે સરકાર મેનેજ કરી રહી છે. એસેટ એલોકેશન કરતી વખતે રોકાણકારોએ પોતાના પોર્ટફોલિયોમાં ગોલ્ડમાં રોકાણ કરવું જોઇએ તેવી સલાહ તેમણે રોકાણકારોને આપી હતી.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ આ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની કેપીટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના ચેરમેન અયુબ યાકૂબઅલીએ વેબિનારનું સંચાલન કર્યું હતું. જ્યારે કમિટીના એડવાઇઝર કેતન દલાલે વકતાનો પરિચય આપ્યો હતો. અંતે ચેમ્બરના ગૃપ ચેરમેન નિખિલ મદ્રાસીએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.